અપીલ અરજી નં.૧૨૬ તા.૧–૮–૦૯/૧૦

અરજદાર:– શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળા:– શાસનાધિકારી અને જાહેરમાહિતીઅધિકારી (ન.પ્રા.શિ.સ.)

## ફરીયાદની હકીકત:–

વિષય:–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૬–૧–૦૯ ની અરજીથી (૧) સાધન–સહાય વિતરણ કેમ્પમાં નોંધ ૧ થી ૩ ના મુદ્દાની રેકર્ડની ચકાસણી (૨) જયાબેન સુમરાના કેમ્પ પર રૂબરૂ પૂછવાથી જણાવેલ કેમ્પમાં હાજર બે ડોકટરના નામ– સરનામા (૩) મંદબુધ્ધિના, આંખની ખામીવાળા તથા શારીરીક ખોડખાંપણવાળા વિદ્યાર્થી માટે ડોકટરની ઉપસ્થિતિ તપાસ માટે હતી કે કેમ? તપાસ કરનાર જવાબદારોના નામ સરનામા (૪) આ કેમ્પમાં શાળા સિવાયના રખડતાં બાળકો ઘરબાર વગરના બાળકો માટે કેમ્પમાં લાવવાની કઈ વ્યવસ્થા હતી? આવા કેટલા બાળકો લાવવામાંઆ વ્યા? (૫) છેલ્લા બાર વર્ષ દરમ્યાન શિક્ષકોની ભરતી, જિલ્લા ફેરબદલી આવેલા શિ.કા.,શિ.ટ્રા. બક્ષીપંચના જાતિના દાખલાની રેકર્ડ ચકાસણી કરવા આપશો. વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ:– અરજદાર મજુકરની તા.૧–૮–૦૯ ની અપીલ અરી ૧૨૬/૦૯–૧૦

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૬–૧–૦૯ ની અરજીથી (૧) સાધન–સહાય વિતરણ કેમ્પમાં નોંધ ૧ થી ૩ ના મુદ્દાની રેકર્ડની ચકાસણી (૨) જયાબેન સુમરાના કેમ્પ પર રૂબરૂ પૂછવાથી જણાવેલ કેમ્પમાં હાજર બે ડોકટરના નામ– સરનામા (૩) મંદબુધ્ધિના, આંખની ખામીવાળા તથા શારીરીક ખોડખાંપણવાળા વિદ્યાર્થી માટે ડોકટરની ઉપસ્થિતિ તપાસ માટે હતી કે કેમ? તપાસ કરનાર જવાબદારોના નામ સરનામા (૪) આ કેમ્પમાં શાળા સિવાયના રખડતાં બાળકો ઘરબાર વગરના બાળકો માટે કેમ્પમાં લાવવાની કઈ વ્યવસ્થા હતી? આવા કેટલા બાળકો લાવવામાં આવ્યા? (૫) છેલ્લા બાર વર્ષ દરમ્યાન શિક્ષકોની ભરતી, જિલ્લા ફેરબદલી આવેલા શિ.કા.,શિ.ટ્રા. બક્ષીપંચના જાતિના દાખલાની રેકર્ડ ચકાસણી કરવા આપશો. વિ. માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાના પ્રતિભાવથી નારાજ થઈ ચાર માસ ઉપરાંતના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૧–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તથા તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૭ તા.૧૩–૮–૦૯ થી શાસનાધિકારી અને જાહેરમાહિતીઅધિકારી (ન.પ્રા.શિ.સ.)ને તથા અરજદારને ૪ માસ ઉપરાંતના વિલંબ અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા અંગે જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી અપીલ તબકકે કે અપીલ સાથે વિલંબ અંગે કોઈ વાજબીપણું રજૂ કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ક્રમાંક/૬૫ તા.૩૧–૮–૦૯ ના રોજ પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારની મુળ અરજી તા.૧૬–૨–૦૯ ના રોજ રેકર્ડ ચકાસણીના રોજકામની નકલ, અરજદારને ચકાસણી માટે પાઠવેલ તા.૧૦–૨–૦૯ના પત્રની નકલ, ન.પ્રા.શિ.સ. ના સર્વ શિક્ષા અભિયાન મિશનની જાહેરાતની નકલ, અરજદારની તા.૧૦–૮–૦૯ ની અરજીની નકલ તથા જાહેર માહિતી અધિકારીએ તા.૩૧–૭–૦૯ ના અરજદારને પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૧–૦૯ ની અરજીથી (૧) સાધન–સહાય વિતરણ કેમ્પમાં નોંધ ૧ થી ૩ ના મુદ્દાની રેકર્ડની ચકાસણી (૨) જયાબેન સુમરાના કેમ્પ પર રૂબરૂ પૂછવાથી જણાવેલ કેમ્પમાં હાજર બે ડોકટરના નામ– સરનામા (૩) મંદબુધ્ધિના, આંખની ખામીવાળા તથા શારીરીક ખોડખાંપણવાળા વિદ્યાર્થી માટે ડોકટરની ઉપસ્થિતિ તપાસ માટે હતી કે કેમ? તપાસ કરનાર જવાબદારોના નામ સરનામા (૪) આ કેમ્પમાં શાળા સિવાયના રખડતાં બાળકો ઘરબાર વગરના બાળકો માટે કેમ્પમાં લાવવાની કઈ વ્યવસ્થા હતી? આવા કેટલા બાળકો લાવવામાં આવ્યા? (૫) છેલ્લા બાર વર્ષ દરમ્યાન શિક્ષકોની ભરતી, જિલ્લા ફેરબદલી આવેલા શિ.કા.,શિ.ટ્રા. બક્ષીપંચના જાતિના દાખલાની રેકર્ડ ચકાસણી કરવા આપશો. વિ. માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ક્રમાંક/૧૬૯ તા.૧૦–૨–૦૯ ના રોજ મુદ્દા નં.૧ થી ૫ અંગે રકેર્ડ ચકાસણી તા.૧૬–૨–૦૯ ના રોજ ૧૧.૦૦ કલાકે બોલાવવામાં આવેલ જેના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. જે અંગે અરજદારે રેકર્ડ ચકાસણી કર્યા અંગે રોજકામની નકલ રજૂ કરેલ છે. જેમાં અરજદારે સવારે ૧૧.૦૦ થી ૩.૧૫ કલાક સુધી રેકર્ડ ચકાસણી કરેલ છે. અને ત્યાર બાદ હાઈકોર્ટમાં જવાનું હોય તા.૧૭–૨–૦૯ અને તા.૧૮–૨–૦૯ ના રોજ હાજર રહી શકાય તેમ નથી તેવા રીમાર્કસ સાથેની નકલ અત્રે મળેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૩૧–૭–૦૯ ના રોજ માહિતી બાબતે રૂબરૂ મળવા તથા માહિતી મેળવી લેવા પણ પત્ર પાઠવવામાં આવેલ છે તેની નકલ પણ રજૂ કરેલ છે. પરંતુ અરજદારે તા.૩૧–૭–૦૯ ના રોજ જાહેર માહિતી અધિકારીએ માહિતી અંગે દિન–૭ માં રૂબરૂ સંપર્ક કરી માહિતી મેળવવા જણાવેલ હોઈ અરજદારે જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કર્યા વિના માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યા વિના આપેલા સમય દરમ્યાન અરજદારે તા.૧–૮–૦૯ ના રોજ માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરે છે. સાથે રૂા.૧૦૦૦/– જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૧૭૭૦ તા.૨૬–૨–૦૮ મુજબ અરજી નં.૧૪૨ તા.૧૪–૧૧–૦૭ રેકર્ડ ચકાસણી માટેતા.૪–૩–૦૮ ના રોજ ભર્યાની નકલ રજૂ કરેલ છે. પરંતુ અરજદારે અપીલ હેઠળની અરજી બાબતે રેકર્ડ ચકાસણી અંગે નાણા ભરપાઈ કર્યા હોય તેવી કોઈ અલાયદી રસીદ રજૂ કરેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારીએ પણ તેવી કોઈ વિગતો અપીલ તબકકે પૂરી પાડેલ નથી. અરજદારે તા.૧૦–૮–૦૯ ના રોજના તેમના પત્રથી જાહેર માહિતી અધિકારીને ચકાસણી અંગે મુળ અરજી ફી ભરપાઈ વિગેરે વિગતો રજૂ કરી તપાસણીના તક લેવાને બદલે બિનજરૂરી વિવાદ ઉત્પન્ન કરેલ જણાય છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા પણ વિવાદ હેઠળની અરજી અંગે તપાસણી ફી માટે આરટીઆઈ નિયમ–૩ સાથે નિયમ–૫ હેઠળ ફી ભરવા જણાવતો અરજીદીઠ નમુના 'ગ' નો અલગ પત્ર રજૂ કરેલ નથી પરંતુ દફતરી તપાસણીના રોજકામથી અરજી બાબતે તપાસણી પૂરી પાડી વિધેયાત્મક વલણ દાખવ્યાનું સ્પષ્ટ થાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સબંધે તા.૧–૮–૦૯ થી ૪ માસના વિલંબથી કરેલ અપીલ અંગે ન્યાયના હિતમાં અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં વિલંબના કારણો કે વાજબીપણું રજૂ કરવામાં અરજદાર નિષ્ફળ રહેલ હોઈ અરજદારની વિલંબથી કરેલ અપીલ ગ્રાહય ન રાખતાં કલમ–૧૯(૧) હેઠળ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૩૧–૭–૦૯ ના પત્ર અનુસાર તેઓનો સંપર્ક કરી કાર્યવાહી કરવા માટે અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,